# ભાવનગર એનર્જિ કંપની લિમિટેડના ભાવનગર ખાતેના BECL ૨ x ૨૫૦ મે.વો. ક્ષમતાના લિગ્નાઈટ આધારિત થર્મલ પાવર પ્રોજેક્ટના નિયત ભાવ અંગે રજૂ કરાયેલ અરજીનો સારાંશ

ભાવનગર એનર્જિ કંપની લિમિટેડ(BECL)એ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) **ને વીજળી વેચવા માટેના નિયત ભાવ** ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૬૧, ૬૨, ૬૪ અને ૮૬ ની શરતો મુજબ રાજ્ય આયોગ દ્વારા વિનિયમિત થાય છે. તદનુસાર BECL એ ગુજરાત વીજ નિયમન આયોગે બહાર પાડેલ MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા માટેના ઢાંચા અંગેના વિનિયમ,૨૦૧૧ મુજબ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટેના ભાવ નિયત કરવા માટે નામદાર આયોગ સમક્ષ અરજી નં. ૧૫૫૯/૨૦૧૬ રજૂ કરી છે.

BECL ની અરજી નં. ૧૫૫૯/૨૦૧૬ ના મહત્ત્વના , નોંધપાત્ર લક્ષણોનો સારાંશ નીચે કોષ્ટકમાં આપવામાં આવ્યો છે.

| ક્રમ નં. | વિગત | એકમ | વર્ષ ૨૦૧૫-૧૬ (ધારણા) | વર્ષ ૨૦૧૬ -૧૭ (ધારણા) |
|---|---|---|---|---|
| ૧ | સ્થાપિત ક્ષમતા | મે.વો. | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૨ | તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધીમાં થયેલ વાસ્તવિક મૂડીખર્ચ | રૂ. કરોડમાં | ૪૧૨૪.૯૪ | ૪૮૨૩.૧૦ |
| ૩ | એકમ દીઠ બદલાતું રહેતું ખર્ચ | રૂ. / કિ.વો. કલાક | ૨.૦૫ | ૨.૧૫ |

**ચાવીરૂપ અનુમાનોનો સારાંશ અહીં નીચે આપવામાં આવ્યો છે :**

૧. યુનિટ-૧ તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૬ ના રોજ અને યુનિટ-૨ તા. ૧૫ માર્ચ , ૨૦૧૬ ના રોજ શરૂ થશે.

૨. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે BECL એ તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધીમાં થયેલ મૂડીખર્ચ મૂડીરોકાણ માટે રૂ. ૪૧૨૪.૯૪ કરોડ ગણ્યું છે. કંપનીના કાનૂની ઓડિટરે તે પ્રમાણિત કર્યું છે.

૩. નાણાકીય વર્ષ ૨૦૧૬ -૧૭ ના અંતે મૂડીરોકાણ કુલ અનુમાનિત મૂડીખર્ચ,વધારાના મૂડીરોકાણ સહિત રૂ. ૪૮૨૩.૧૦ કરોડ છે.

૪. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના અંતે મૂડીરોકાણનો ભંડોળ સ્રોત તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધીમાં થયેલ વાસ્તવિક ભંડોળ તરીકે ગણવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૧૬ -૧૭ ના અંતે મૂડીરોકાણનો ભંડોળ સ્રોત કુલ દેવાની રકમ અને મેળવવા ધારેલ કે વિચારેલ ઈક્વીટીના આધારે અંદાજવામાં આવ્યો છે. નીચે કોષ્ટકમાં તે દર્શાવવામાં આવ્યો છે:

| **નાણાંભંડોળનો સ્રોત (રૂ. કરોડમાં)** | | |
|---|---|---|
| **સ્રોત** | **તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધીમાં થયેલ વાસ્તવિક ખર્ચ** | **તા. ૩૧-03-૨૦૧૭ સુધીનો અંદાજ** |
| દેવું | ૨૮૯૬.૫૭ | ૩૬00.00 |
| શેર મૂડી | ૭૭૫.૬૩ | ૧૨૨૩.૧૦ |
| લાંબા ગાળાની જવાબદારી (ધારેલ રકમ) | ૨૫૮.૫૬ | 0.00 |
| ટૂંકા ગાળાની લોન | ૧૫૧.00 | 0.00 |
| ધીરનાર લેણદાર | ૭૨.૨૫ | 0.00 |
| ચોખ્ખી વર્તમાન જવાબદારી | - ૨૯.0૭ | 0.00 |
| **કુલ** | **૪૧૨૪.૯૪** | **૪૮૨૩.૧૦** |

## ભાવના ઘટકો

૧ ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા અંગેના વિનિયમ,૨૦૧૧ ના વિનિયમ ૨૭.૨.૨ માં **PPA** વીજ ખરીદી કરાર દ્વારા સંચાલિત વીજ ઉત્પાદન મથક માટેના દર અંગે જણાવવામાં આવ્યું છે કે :

" આ વિનિયમો અમલમાં આવ્યા ત્યારે વીજ ખરીદી કરાર અથવા વીજ ઉત્પાદક કંપની અને વીજળીનું વિતરણ કરવાનો પરવાનો ધરાવતી કંપની વચ્ચે હાલના વીજ ઉત્પાદન મથકમાંથી વીજ પુરવઠો મેળવવા માટે જે દર અમલમાં હતા તેને આયોગે મંજૂરી આપી નથી. અથવા તેમાં જણાવેલ દર આયોગે સ્વીકાર્યા નથી. અથવા તો કોઈ વીજ ખરીદી કરાર કે અન્ય કરાર હોય જ નહીં તેવા સંજોગોમાં આવી વીજ ઉત્પાદક કંપની દ્વારા આવી વીજ વિતરણનો પરવાનો ધરાવતી કંપનીને આ વિનિયમો અમલમાં આવે તે તારીખથી આયોગના મંજૂર થયેલ વીજ ખરીદી કરાર મુજબ વીજ ખરીદી કરવાની રહેશે."

૨. BECL અને GUVNL વચ્ચે વીજ ખરીદી કરાર પર નવેમ્બર, ૨૦૧૦ માં સહી-સિક્કા થયા. અલબત્ત, નામદાર આયોગે ૨૬-૦૬-૨૦૧૧ ના રોજ તેને માન્યતા આપી. એટલે કે MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા માટેના વિનિયમ ,૨૦૧૧ અમલમાં આવ્યા ત્યારબાદ. આથી BECL અને GUVNL વચ્ચે વીજળીના બિલીંગ અને તેના દર જેવી બાબતો સહિત વીજળીના પુરવઠાની બાબત નામદાર આયોગ દ્વારા મંજૂર કરાયેલ વીજ ખરીદી કરાર મુજબ થાય તે જરૂરી છે.

૩. ઉક્ત વીજ ખરીદી કરારની કલમ ૫.૧.૩ મુજબ કલમ ૫.૨ માં સંમતિ આપવામાં આવી છે તે સિવાય તમામ માટે તે ગુજરાત વીજ નિયમન આયોગના વખતોવખત લાગુ પડવાપાત્ર ભાવ નિયમનની શરતો અને નિયમોમાં સ્પષ્ટપણે જણાવ્યા મુજબના ઘટકોને અનુરૂપ હોવું જોઈશે. ૨૦૧૫-૧૬ ના નાણાંકીય વર્ષ માટે તે GERC ગુજરાત વીજ નિયમન આયોગના MYT વિનિયમ ,૨૦૧૧ છે. સૂચિત દર – ભાવ BECL ના ૫૦૦ મે.વો.ના ઉત્પાદન મથક માટે સમગ્રપણે છે. ગુજરાત વીજ નિયમન આયોગે આગામી નિયમન ગાળા ( ૨૦૧૬-૨૧) માટે નવા MYT વિનિયમ કર્યા નથી. BECL પણ ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટે GERC ગુજરાત વીજ નિયમન આયોગના MYT વિનિયમ ,૨૦૧૧ મુજબ ભાવ-દર સૂચવી રહી છે.

## ઘસારો

૪. ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટે પ્રોજેક્ટના સરેરાશ ઉઘડતા અને બંધ મૂડીરોકાણના ૫.૨૮% લેખે ઘસારાની ગણતરી કરવામાં આવી છે.

| **૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટે ઘસારો** | | |
|---|---|---|
| **વિગત** | **નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬** | **નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭** |
| ઉઘડતો GFA | ૪૮.૮૯ | ૪૧૨૪.૯૪ |
| GFA માં વધારો | ૪૦૭૬.૦૫ | ૬૨૯.૬૨ |
| બંધ GFA | ૪૧૨૪.૯૪ | ૪૭૫૪.૫૬ |
| સરેરાશ GFA | ૨૦૮૬.૯૨ | ૪૪૩૯.૭૫ |
| ઘસારાનો દર | ૫.૨૮% | ૫.૨૮% |
| બિન-મતપાત્ર ઘસારો | **૧૧૦.૧૯** | **૨૩૪.૪૨** |

**ઈક્વીટી પર વળતર ( RoE )**

૫. તા.૩૧-૧૦-૨૦૧૫ ના રોજ મુજબ કુલ ઈક્વીટી રૂ. ૪૧૨૪.૯૪ કરોડના કુલ પ્રોજેક્ટ ખર્ચ સામે રૂ. ૭૭૫.૬૩ કરોડ છે. વર્ષ ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષના અંતે રૂ. ૧૨૨૩.૧૦ કરોડ ઈક્વીટીનું મૂડીરોકાણ થશે તેવી ધારણા છે.

૬. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ની શરૂઆતમાં વીજળી પ્રોજેક્ટોને મૂડી પૂરી પડાતી ન હોઈ ખુલતી- opening ઈક્વીટી શૂન્ય હતી. ૨૦૧૫-૧૬ ના નાણાકીય વર્ષના અંતે ૩૧-૧૦-૨૦૧૫ ના રોજ મુજબ મૂડીરોકાણ કરાયેલ ઈક્વીટીને ગણતરીમાં લેવામાં આવી છે. રૂ. ૧૨૨૩.૧૦ કરોડની અનુમાનિત ઈક્વીટીને નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ ની બંધ- closing ઈક્વીટી તરીકે ગણવામાં આવી છે. ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા અંગેના વિનિયમ , ૨૦૧૧ ના વિનિયમ ૩૮.૧ મુજબ ઈક્વીટીના વળતરની ગણતરી માટે જે તે વર્ષમાં મૂડી ખર્ચના ઈક્વીટી ભાગના ૫૦% રકમને ગણતરીમાં લેવામાં આવી છે.

| **૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટે ઈક્વીટી પર વળતર** | | |
|---|---|---|
| **વર્ષ** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** |
| યથાક્રમ ખુલતી opening ઈક્વીટી | 0.00 | ૭૭૫.૬૩ |
| ઉમેરો | ૭૭૫.૬૩ | ૪૪૭.૪૭ |
| માનક લોન | 0.00 | 0.00 |
| બંધ- closing ઈક્વીટી | ૭૭૫.૬૩ | ૧૨૨૩.૧૦ |
| ઈક્વીટી પર વળતરનો દર | ૧૪.00 % | ૧૪.00% |
| સરેરાશ ઈક્વીટી | ૩૮૭.૮૨ | ૯૯૯.૩૭ |
| **ઈક્વીટી પર વળતર** | **૫૪.૨૯** | **૧૩૯.૯૧** |

**લાંબા ગાળાની લોન પર વ્યાજ**

૭. ૨૦૧૫-૧૬ ના નાણાકીય વર્ષની શરૂઆતમાં વ્યાજ-ખર્ચની ગણતરી કરવા માટે લાંબા ગાળાની લોન શૂન્ય રાખવામાં આવી છે. ૨૦૧૫-૧૬ ના નાણાકીય વર્ષના અંતે બાકી રહેતી લોન માટે તા. ૩૧-૧૦-૨૦૧૫ ના ઓડિટ કરાયેલ કેપેક્ષ capex પત્રકમાં પ્રમાણિત કરાઈ હોય તે રકમને ગણતરીમાં લેવામાં આવી

છે. અનુમાનિત કુલ રૂ. ૩૬૦૦ કરોડના દેવાને ૨૦૧૬ -૧૭ ના નાણાકીય વર્ષના બંધ દેવા તરીકે ગણવામાં આવ્યું છે.

૮. ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા અંગેના વિનિયમ,૨૦૧૧ ના વિનિયમ ૩૯.૩ મુજબ જે તે વર્ષ માટે ભરપાઈની રકમ , મંજૂરી અર્થે રજૂ કરાયેલ ઘસારા ખર્ચની રકમને બરાબર જેટલી ગણવામાં આવી છે. ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા અંગેના વિનિયમ,૨૦૧૧ ના વિનિયમ ૩૯.૫ મુજબ જે તે નાણાકીય વર્ષની શરૂઆતમાં વ્યાજનો જે સરેરાશ દર અમલમાં હતો તે પ્રમાણે વેઈટેડ weighted સરેરાશ વ્યાજદર ગણવામાં આવ્યો છે. અને વાસ્તવિક લોન પોર્ટફોલિયાના આધારે તેની ગણતરી કરવામાં આવી છે.

| **૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટે વ્યાજની ગણતરી(રૂ. કરોડમાં)** | | |
|---|---|---|
| **વર્ષ** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬ -૧૭** |
| યથાક્રમ ખુલતી opening લોન | ૦૦૦ | ૨૯૩૭.૩૮ |
| ઉમેરો | ૩૦૪૭.૫૭ | ૫૫૨.૪૩ |
| માનક લોન (વધારાની ઈક્વીટી) | 0.00 | 0.00 |
| ભરપાઈ (ઘસારો) | ૧૧૦.૧૯ | ૨૩૪.૪૨ |
| બંધ- closing લોન | ૨૯૩૭.૩૮ | ૩૨૫૫.૩૯ |
| વેઈટેડ weighted સરેરાશ વ્યાજદર | ૧૦.૪૫ % | ૧૦.૪૫% |
| સરેરાશ લોન | ૧૪૬૮.૬૯ | ૩૦૯૬.૩૯ |
| **વ્યાજ ખર્ચ** | **૧૫૩.૪૮** | **૩૨૩.૫૭** |

**કાર્યકારી મૂડી પર વ્યાજ**

૯. કાર્યકારી મૂડી ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા અંગેના વિનિયમ,૨૦૧૧ ના વિનિયમ ૪૧.૧ મુજબ ગણી કાઢવામાં આવી છે. . કાર્યકારી મૂડી પર વ્યાજ દર સ્ટેટ બેંક એડવાન્સ રેટ (SBAR) ના સમાન દરે રાખવામાં આવશે. નાણાકીય વર્ષની ૧ લી એપ્રિલના રોજ મુજબ ૨૦૧૫-૧૬ ના નાણાકીય વર્ષ **માટે ૧૪.૭૫% અને** ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટે ૧૪.૦૫ % રાખવામાં આવશે.

| **૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટે કાર્યકારી મૂડી પર વ્યાજ (રૂ. કરોડમાં)** | | | |
|---|---|---|---|
| વિગત | સમયગાળો | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| બળતણનો ખર્ચ | ૧.૫ મહિના | ૬૨.૫૦ | ૬૫.૬૩ |
| ગૌણ બળતણનો સ્ટોક | ૨ મહિના | ૧૬.૭૭ | ૧૭.૫૨ |
| સંચાલન-નિભાવ ખર્ચ | ૧ મહિનો | ૧૧.૨૬ | ૧૧.૯૦ |
| છૂટક ભાગોનો નિભાવ | મૂડી ખર્ચના ૧ % | ૪૧.૨૫ | ૪૮.૨૩ |
| માન્યતાપાત્ર | ૧ મહિનો | ૯૦.૫૪ | ૧૨૫.૭૨ |
| કુલ કાર્યકારી મૂડી | | ૨૨૨.૩૨ | ૨૬૮.૯૯ |
| વ્યાજનો દર | સ્ટેટ બેંક એડવાન્સ રેટ | ૧૪.૭૫% | ૧૪.૦૫ % |
| **કાર્યકારી મૂડી પર વ્યાજ** | | ૩૨.૭૯ | ૩૭.૭૯ |

**સંચાલન અને નિભાવ ખર્ચ**

**૧૦.** ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા અંગેના વિનિયમ,૨૦૧૧ ના વિનિયમ ૫૬(ક) મુજબ ૨૦૧૫-૧૬ ના નાણાકીય વર્ષ માટે લિગ્નાઈટ આધારિત પાવર પ્લાન્ટનું સંચાલન અને નિભાવ ખર્ચ મે.વો. દીઠ રૂ. ૨૭.૦૨ લાખ છે. અને તેથી ૨૦૧૫-૧૬ ના નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ એટલું ગણવામાં આવ્યું છે. ૨૦૧૬ -૧૭ ના નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચમાં ૫.૭૦% નો વધારો છે. અને તે ખર્ચ મે.વો. દીઠ રૂ. ૨૮ .૫૬ લાખ જેટલું ધારવામાં આવ્યું છે. પ્લાન્ટનું કુલ સંચાલન અને નિભાવ ખર્ચ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬ -૧૭ ના નાણાકીય વર્ષ માટે નીચે જણાવવામાં આવ્યું છે.

| **૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચની ગણતરી (રૂ. કરોડમાં)** | | |
|---|---|---|
| વર્ષ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| સંચાલન અને નિભાવ દર (રૂ. લાખ/મે.વો.) | . ૨૭.૦૨ | ૨૮ .૫૬ |
| ક્ષમતા (મે.વો.) | ૫૦૦ | ૫૦૦ |
| સંચાલન અને નિભાવ ખર્ચ (રૂ. કરોડમાં ) | ૧૩૫.૧૦ | ૧૪૨.૮૦ |

## ૧૧. આવકવેરો અને SLDC-State Load Despatch Centre– ચાર્જીસ

SLDC-State Load Despatch Centre – ચાર્જીસ અને ફી  વાસ્તવિક દર મુજબ નિયત કરવામાં આવે છે.

| **SLDC-State Load Despatch Centre – ચાર્જીસની ગણતરી** | | |
|---|---|---|
| વર્ષ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| પ્રતિ માસ SLDC-State Load Despatch Centre – ચાર્જીસ (રૂ. /મે.વો.) | ૧૯૩ | ૧૯૩ |
| સંચાલનનો સમયગાળો | ૨ | ૧૨ |
| ક્ષમતા (મે.વો.) | ૫૦૦ | ૫૦૦ |
| કુલ  SLDC-State Load Despatch Centre – ચાર્જીસનું ખર્ચ (રૂ. કરોડમાં) | ૦.૦૧૯ | ૦.૧૧૬ |

| **SLDC-State Load Despatch Centre – ફીની ગણતરી** | | |
|---|---|---|
| વર્ષ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| દર ત્રણ મહિને  SLDC-State Load Despatch Centre – ફી (રૂ. /મે.વો.) | ( -) | ( -) |
| સંચાલનના ત્રણ મહિના | ૧ | ૪ |
| ક્ષમતા (મે.વો.) | ૫૦૦ | ૫૦૦ |
| કુલ  SLDC-State Load Despatch Centre – ફીનું ખર્ચ(રૂ. કરોડમાં) | | |

આજની તારીખમાં SLDC-State Load Despatch Centre – ની  ફીના વાસ્તવિક દરની જાણ નથી. આથી નામદાર આયોગને  વાસ્તવિકતાના આધારે તે મંજૂર કરવા વિનંતી  છે.

૧૨. ઈક્વીટીના સૂચિત વળતર પર   MAT લગાડીને આવકવેરાની રકમ નક્કી કરવામાં આવે છે.

| **૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટે આવકવેરાની ગણતરી  (રૂ. કરોડમાં)** | | |
|---|---|---|
| વર્ષ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| આવકવેરો (રૂ. કરોડમાં) | ૧૦.૦૪ | ૨૫.૮૮ |

**બળતણ ખર્ચ**

૧૩. બળતણ ખર્ચની ગણતરી માટે BECL એ BECL અને GUVNL વચ્ચે સહી-સિક્કા થયેલ **PPA** વીજ ખરીદી કરારની અનુસૂચિ ૫.૨ મુજબના ટેકનિકલ માપદંડોને ગણતરીમાં લીધાં છે. એટલે કે ૨૬૨૩ કિ.કેલરી / કિ.વો.કલાક SHR અને ૧૧% સહાયક ગૌણ વપરાશ . ઉક્ત **PPA માં** - BECL અને GUVNL વચ્ચે સહી-સિક્કા થયેલ વીજ ખરીદી કરારમાં ગૌણ ઓઈલ વપરાશ અંગે કંઈ જણાવવામાં આવ્યું ન હોઈ તેની ગણતરી ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા અંગેના વિનિયમ,૨૦૧૧ મુજબ કરવામાં આવી છે. એટલે કે ૧૨૫ મિ.લિ./કિ.વો.કલાક પ્રમાણે ગણતરી કરવામાં આવી છે. આ પ્લાન્ટ ખાડારહિત મુખ્ય પ્લાન્ટ હોઈ ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા અંગેના વિનિયમ,૨૦૧૧ મુજબ પ્રવહન વ્યય ૦.૮૦% ગણવામાં આવ્યો છે.

૧૪. ગૌણ બળતણ (ઓઈલ) ની એકંદર કેલરીફિક વેલ્યૂ (GCV) ની ગણતરી વાસ્તવિક વેઈટેડ સરેરાશ દર મુજબ કરાઈ છે. કચ્છ લિગ્નાઈટ પાવર પ્લાન્ટ- ૪ની ગૌણ બળતણ (ઓઈલ) ની એકંદર કેલરીફિક વેલ્યૂ (GCV) ૨૦૧૩-૧૪ ના વર્ષ માટે ગુજરાત વીજ નિયમન આયોગના તા. ૩૧-૦૩-૨૦૧૫ ના ૨૦૧૩-૧૪ ના નાણાકીય વર્ષના Truing-up – ટ્રુઈંગ અપ અંગેના હુકમ મુજબ કરવામાં આવી છે. લિગ્નાઈટની ગૌણ બળતણ (ઓઈલ) ની એકંદર કેલરીફિક વેલ્યૂ (GCV) ૨૬૦૦ કિ.કેલરી / કિ.ગ્રા. લેવામાં આવી છે.

૧૫. લિગ્નાઈટ, લાઈમ સ્ટોન – ચૂનાનો પથ્થર અને ગૌણ ઓઈલ – આ બધાં ઈંધણનું ખર્ચ ચાલુ બજારભાવ મુજબ ગણવામાં આવ્યું છે.અથવા તો માલ પૂરો પાડનાર સપ્લાયર સાથેના હાલના કરારમાં જણાવ્યા મુજબનું રાખવામાં આવ્યું છે. બળતણ- કરાર મુજબ ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષ માટે લિગ્નાઈટ અને લાઈમ સ્ટોન – ચૂનાનો પથ્થરના વેઈટેડ સરેરાશ દર- ભાવમાં ૫% વધારાને ગણતરીમાં રાખવામાં આવ્યો છે.

૧૬. ઉપરના અનુમાનોના આધારે બળતણ ખર્ચ નીચે જણાવ્યા પ્રમાણે નક્કી કરવામાં આવ્યું છે. :

| બળતણ ખર્ચ | | | |
|---|---|---|---|
| **માપદંડ** | **એકમ** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** |
| ક્ષમતા | મે.વો. | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| PLF – વીજ ભાર પરિબળ | % માં | ૭૫% | ૭૫% |
| એકંદર ઉત્પાદન | MU માં | ૩૨૯૪.૦૦ | ૩૨૯૪.૦૦ |
| સહાયક ઊર્જા વપરાશ | % માં | ૧૧% | ૧૧% |
| ઉત્પાદન ( Ex-bus ) | MU માં | ૨૯૩૧.૬૬ | ૨૯૩૧.૬૬ |
| સ્ટેશન ઉષ્મા દર (SHR) | કિ.કેલરી / કિ.વો.કલાક | ૨૬૨૩.૦૦ | ૨૬૨૩.૦૦ |
| નિશ્ચિત ઓઈલ વપરાશ | મિ.લિ. / કિ.વો.કલાક | ૧.૨૫ | ૧.૨૫ |
| ચૂનાનો નિશ્ચિત વપરાશ | કિ.ગ્રા. / કિ.વો.કલાક | ૦.૨૬ | ૦.૨૬ |
| ઓઈલની એકંદર કેલરીફિક વેલ્યૂ | કિ. કેલરી/લિટર | ૧૦૨૮૩.૦૦ | ૧૦૨૮૩.૦૦ |
| લિગ્નાઈટની એકંદર કેલરીફિક વેલ્યૂ | કિ. કેલરી/કિ.ગ્રા. | ૨૬૦૦.૦૦ | ૨૬૦૦.૦૦ |
| એકંદર ઉષ્મા | G - કેલરી | ૮૬૪૦૧૬૨.૦૦ | ૮૬૪૦૧૬૨.૦૦ |
| ઓઈલમાંથી ઉષ્મા | G - કેલરી | ૪૨૩૪૦.૨૫ | ૪૨૩૪૦.૨૫ |
| લિગ્નાઈટમાંથી ઉષ્મા | G - કેલરી | ૮૫૯૭૮૨૧.૭૫ | ૮૫૯૭૮૨૧.૭૫ |
| ઓઈલનો વપરાશ | કિ.લિટર | ૪૧૧૭.૫૦ | ૪૧૧૭.૫૦ |
| ચૂનાનો વપરાશ | મે.ટન | ૮૫૬૪૪૦.૦૦ | ૮૫૬૪૪૦.૦૦ |
| લિગ્નાઈટનો વપરાશ | મે.ટન | ૩૩૩૩૫૨૨.૭૦ | ૩૩૩૩૫૨૨.૭૦ |
| ઓઈલનું ખર્ચ | રૂ./કિ.લિટર | ૨૫૯૧૦.૦૦ | ૨૫૯૧૦.૦૦ |
| ચૂનાનું ખર્ચ | રૂ ./મે.ટન | ૧૦૫૦.૦૦ | ૧૧૦૨.૫૦ |
| લિગ્નાઈટનું ખર્ચ | રૂ ./મે.ટન | ૧૫૦૦.૦૦ | ૧૫૭૫.૦૦ |
| ઓઈલનું કુલ ખર્ચ | રૂ. કરોડમાં | ૧૦.૬૭ | ૧૦.૬૭ |
| ચૂનાનું કુલ ખર્ચ | રૂ. કરોડમાં | ૮૯.૯૩ | ૯૪.૪૨ |
| લિગ્નાઈટનું કુલ ખર્ચ | રૂ. કરોડમાં | ૫૦૦.૦૩ | ૫૨૫.૦૩ |
| **યુનિટદીઠ ફેરફારપાત્ર ખર્ચ** | **રૂ./યુનિટ** | **૨.૦૫** | **૨.૧૫** |

**ટેરીફ – દરની વસૂલાત**

૧૭. ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના MYT -મલ્ટી ઈયર .ટેરીફ- એક કરતાં વધુ વર્ષ માટેના ભાવ નક્કી કરવા અંગેના વિનિયમ,૨૦૧૧ ના વિનિયમ ૫૯.૨ (ક) મુજબ ૨૦૧૫-૧૬ ના નાણાકીય વર્ષ માટે બન્ને યુનિટો શરૂ થયા ત્યારથી ભાગે પડતા ધોરણે નિયત ખર્ચ વસૂલ કરાશે.

૧૮. ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના નાણાકીય વર્ષમાં ઉત્પન્ન થયેલ કુલ ચોખ્ખા net યુનિટની સંખ્યા મુજબ જે તે યુનિટની COD બાદ ફેરફારપાત્ર ખર્ચ વસૂલ કરાશે.